નવીન સત્ય સુબોધ

ધ્રુવ નાટકના ગાયન

રચનાર

ઠાકોર ઝવેરસીંહ કુંવરસીંહ

તથા

બેક્ષીક જનકસીંહ કુંવરસીંહ

છપાવી પ્રસિદ્ધ કરનાર.

ફકોરચંદ વિઠલદાસ ગજ્જર

સુરત 'વિક્ટોરિયા' પ્રેસમાં

મગનલાલ કીકાભાઈએ છાપ્યાં.

સને ૧૮૯૮

કિમ્મત રૂ૦ ૦-૨-૦

આવૃત્તી ૧લી પ્રત ૧૦૦૦

દર્શનાભાષ.

હે આર્ય શોખીલી પ્રજા, આ નવીન નાટ્યનું પુસ્તક મારી અલ્પ બુદ્ધિથી રચી આપની સમક્ષ રજુ કરતાં મને પરમાનંદ થાય છે કે હું મારી બાલ્યાવસ્થાના આ પહેલા પ્રયાસમાં સંતોષિતપણે નિર્વિઘ્ને પાર ઉતરીશ, આ મ્હારા લઘુ પુસ્તકમાં ભાષ્માવતી નગરીના મહારાજા ઉત્તાનપાદના સુપુત્ર ધ્રુવના સદાચરણનું અવલોકન યથાશક્તિથી કરવામાં આવેલું છે. જે આશા છે કે આપને અનુકુળ પડતું થઈ પડશે, આજ કાલ કેટલાકો સુંઠને ગાંઠીએ ગાંધી બની જાય છે તેમ ઠેરઠેર રહેજસાજ પીંગળનું જ્ઞાન ધરાવનારાઓ કવીપણાનો ફાંકો ધરાવવા ચકલે ને ચૌટે રવડતા ફરે છે, પણ મારા બંધુઓ, હું કાંઈ પીંગળ શીખ્યો નથી માત્ર લઈ દોડેલો છું, માટે એમાં જે કાંઈ ભુલચુક આવી જાય તે ક્ષમા કરશોજી.

આ પુસ્તક બહાર પડતાં અગાઉ જે મારા મીત્રોએ મને અગાઉથી ગ્રાહક થઈ આશરો આપ્યો છે, તેમનો હું ખરા અંતઃકરણથી ઉપકાર માનું છું. તથાસ્તુ:

લી० સેવક.

કર્તા.

મુખ્ય પાત્રોના નામ

ઉત્તાનપાદ..................ભીષ્માવતી નગરીનો રાજા

નેત્રવતી, પ્રભાવતી..............તેની રાણીઓ

ધ્રુવ, ઉત્તમ..............એના બે પુત્ર

વિવેકસાગર ....રાજાનો પ્રધાન

બુદ્ધિસાગર ....પ્રધાનનો પુત્ર

કાન્તા ....પ્રભાવતીની દાસી

નારદમુનિ ....બ્રહ્માના પુત્ર

ઇંદ્ર ....સ્વર્ગનો રાજા

અહલ્યા.........................ઇંદ્રની પુત્રી

અપ્સરા ....ઇંદ્રની વારાંગનાઓ

કૃષ્ણ ....મથુરા નગરીનોરાજા અને વિષ્ણુનો અવતાર

લક્ષ્મીજી ....કૃષ્ણજીની રાણી

ગડબડભટ................એક જાત્રાવાસી બ્રાહ્મણ

ગંગાભટાણી...............ગડબડભટની વહુ

કંચની.......................ભીષ્માવતી નગરીની રહેનારીઓ

વિગેરે દરબારી, બારોટ, સીપાઇ વીગેરે સખીઓ

ધ્રુવ નાટકનો ટુંક સાર.

ભોગ્માવતી નગરીમાં ઉત્તાનપાદ રાજા રાજ્ય કરતો હતો. અને એ રાજાને બે રાણીઓ હતી તે પૈકી એકનું નામ નેત્રવતી અને બીજીનું નામ પ્રભાવતી હતુ

પ્રભાવતીને એક ઊત્તમ નામે પુત્ર હતો તેમ નેત્રવંતીને પણ ધ્રુવ નામે પુત્ર હતો. ઊત્તાનપાદ પ્રભાવતીના પ્રેમ પાસમાં તલ્લીન થઇ રયો હતો તેથી ધ્રુવ અને તેની માતા નેત્રવતી પર અપ્રીતિ રાખતો હતો, તે કારણસર ધ્રુવ અને તેની માતુશ્રી એકાંત જુદે સ્થળે રહેતાં હતાં.

ધ્રુવ એના મિત્ર બુદ્ધિસાગરને બગીચામાં મળવાને માટે જાય છે ત્યાં બુધ્ધિસાગર અને ધ્રુવ પરસ્પર પ્રીતિ દર્શાવે છે ત્યાર બા ત્યાંથી તેઓ જુદા પડે છે. રાણી નેત્રવતીપર રાજાની પ્રીતિ ન હોવાથી શોક પશ્ચાતાપ કરે છે. દાસી કાન્તા પોતાની બાઇને દિલાસો આપે છે. ધ્રુવને બગીચે ફરવા જવાથી વાર થઇ તેથી દાસીને તેડવા મોકલે છે અને તે ઝટ લાવે છે પોતાની માનું મુખ કમળ નિસ્તેજ હોવાથી પુછે છે. ત્યારે તે ધ્રુવના પિતા તરફથી દિલગીરી બતાવે છે.

ધ્રુવ એની માને સમજાવે છે. ધ્રુવનુ એના પિતાની કચેરી તરફ જવું ને ઉત્તમનું મળવું, એ બે પુત્રોનું રાજ કચેરીમાં દાખલ

એવુ ઉત્તમને અણુસારો કરી રાજા ઉછંગે એટલે ખોળે બેસાડે છે અને ધ્રુવ માનભંગ થવાથી એક તરફ ઉભો રહે છે અને નહિ બોલાવવાથી વિચારમાં પડે છે અને પોતીકા મનને દિલાસો આપે છે. કચેરી બરખાસ્ત થવાથી ઉત્તમ અપરમાને મહેલ લઇ જવા ધ્રુવને ઘણો આગ્રહ કરે છે પણ ધ્રુવ જવાને ના પાડે છે. છેવટે ધ્રુવ તથા ઉત્તમ જાય છે ધ્રુવના કચેરીમાં જવાથી પડેલી અપરમાને ખબર, એટલામાં ઉત્તમનું અને ધ્રુવનું દાખલ થવું. અપરમાએ કરેલા ધ્રુવને ધીટકાર અને વનમાં તપકરવાનું કહે છે તેથી ધ્રુવ પોતીકા મનને નિશ્ચય કરી વનમાં જવાને પ્રતિજ્ઞા કરે છે. અને સત્વર ચાલ્યો જાય છે.

અંક બીજો.

ધ્રુવ રસ્તાપર આવી અપરમાનાં કહેલાં ક્રુર વચનથી ખેદ પામી એની પ્રિય માતાનો વિયોગ વનમાં જવાથી થશે તેમ ધારી ઘણો દિલગીર થાય છે કચેરીમાં માન ભંગ થએલું અને અપરમાએ કરેલો ધિટકાર એ બધી હકીકત એની માતાને નિવેદન કરે છે અને વનમાં જવાની આજ્ઞા માગે છે ત્યારે એની માતા ઘણું સમજાવે છે પરંતુ ધ્રુવ વનમાં નક્કી જશે એવી ખાત્રી થવાથી એને આશિષ આપી વનમાં જઈ તપકરવાની આજ્ઞા આપે છે ત્યારે ધ્રુવ એની પ્રિય માતાને પ્રણામ કરી વન તરફ નીકળી જાય છે. એના મિત્ર બુધ્ધિ સાગરને ખબર પડવાથી એકદમ દોડી આવે છે અને ધ્રુવ પર આવી પડેલું દુઃખ જોઇ આશ્ચર્ય થાય છે અને કયાં જશો એ વિષે પુછે છે તેથી ધ્રુવ એના સદ્ગુણ મિત્ર બુધ્ધિસાગર

ને પોતાનો દાસ કહેવાથી તે ઘણું કલ્પાંત કરે છે. અને તેના ઘર વિષે લઇ જવાને કહે છે, પણ ધ્રુવ તેને તરછોડી સત્વર અઘોર વન વિષે ચાલ્યો જાય છે ધ્રુવ વનમાં આવી શ્રમીત થવાથી વૃક્ષની નીચે શયન કરે છે. એટલામાં નારદ મુનિનું આવવું અને અન્તર્ધાન થવું ધ્રુવનીપાસે જવાથી ધ્રુવનું જાગૃત થવું નારદ મુનિ એને તપ કરવાની ના કહે છે, કેમકે તને તારા પિતા પાસે રાજ્ય અપાવીશ એમ કહી એને એના પિતા તરફ લઇ જવા કહે છે પરંતુ ધ્રુવ નારદ મુનિને દંડવત્ પ્રણામ કરી આશ્રય માગી હું તમારા પ્રતાપથી તપ કરીશ અને પ્રભુની કૃપા થશે તો નગ્રમાં જઇશ નહિ તો આ પ્રાણ ત્યાગ કરીશ પણ હું હવે મારા નગ્ર વિષે જવાનો નથી એવું સાંભળી નારદ મુનિ ઘણાં પ્રસન્ન થાય છે. અને માથે હાથ ફેરવી દ્વાદશ અક્ષરનો ગુરૂ મંત્ર કર્ણમાં કહે છે ૐ નમો ભગવતે વાસુદેવાય એટલે પરમેશ્વર કેવે રૂપે છે અને કેવાં ચિન્હ છે તે ધ્રુવને કહે છે. મેઘવર્ણ એટલે જેમ વાદળું વર્ષા ૠતુમાં ઘનઘોર ઘટાથી નિર્મળ લાગે છે તેમજ કમળનયન પ્રભુને સમજવા નિર્મળ જોઇએ વળી બીજી નિશાનીઓ એવી છે કે શંખ, ચક્ર, ગદા, પદ્મ એવા એવા જે શ્રીકૃષ્ણ તેનું ધ્યાન એકાગ્રચિત વૃત્તિએ મધુ વનમાં જઇ જળ, પત્ર, ફળ, પ્રાસન કરી પદ્માશને સ્તુતિ કરજે એટલે તને છ માસમાં પ્રભુ મળશે એમ કહી નારદ મુનિ ધ્રુવના પિતાની નગરી તરફ રવાને થયા અને ધ્રુવનુ મધુવન તરફ જવું

અંક ત્રીજો

ઉત્તાનપાદ રાજા પોતીકા પ્રિય પુત્રના વિયોગથી અને તે કયાં

ગયો હશે અને શું વ્યવસ્થા થશે તેનું કાંઇ તેને ધ્યાન પહોંચતું ન હતું તેથી શોકાતૂર એટલામાં નારદ મુનિનું જવું અને પ્રભુની કેવી અકળ ગતિ છે તે વિષેનું મનમાં રટણ ધ્રુવની સર્વ હકીકત ઉત્તાનપાદને કહી શાન્તિ પમાડે છે અને કહે છે કે તારો બાળક અવિચળ પદવી લઇ આવશે, એ સાંભળી ઉત્તાનપાદ રાજા ઘણો આનંદ થાય છે અને નારદ મુનિને અભિવંદન કરે છે. નારદ મુનિ આશિર્વાદ આપી અંતરધ્યાન થાય છે.

ધ્રુવનું મધુવન જોઇ હર્ષ પામી નિર્મળ યમુના જળનું સ્નાન કરી તપ કરવા માટે બેસવું અને તેના તપના પ્રબળથી ઇંદ્રભય પામી શું મારૂં ઇંદ્રાશન લેશે ! તે વિષે વિચારમાં પડયો અપ્સરાઓને છળવા માટે આજ્ઞા કરે છે ધ્રુવનું પરમેશ્વરપર ધ્યાન ધરવું, અપ્સરાઓના નાચ રંગથી ધ્રુવનું જાગૃત થવું, અબળાઓને પુછવું તેનો નીચ વિચાર સાંભળી ધ્રુવનો ફિટકાર અને તેના તપના તેજથી જાણે શ્રાપ દેશે કે શું ? એવા ભયથી અપ્સરાઓનું નાશી જવું. લક્ષ્મીજીનું કૃષ્ણને નમ્ર વિનંતી કરી જાગૃત કરવું ધ્રુવ અપ્સરાઓથી નહિ છળાયો તેથી દેવલોકોની સલાહ લઇ કૃષ્ણ પાસે સ્તુતિ કરવા જવું અને કૃષ્ણનુ સમજાવવું ઇંદ્ર, કૃષ્ણ તથા દેવલોકોનું મધુ વનમાં જવું અને ધ્રુવને ચતુંર્ભુજ દર્શનનો લાભ આપવો તથા ધ્રુવને અવિચળ પદવી આપી ઇંદ્ર પુત્રી અહલ્યા જોડે પાણિ ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા ઇંદ્ર સોડે કરવી. ઇંદ્ર પુત્રી અહલ્યાના લગ્નની તેની સખીઓને ખબર પડવાથી ઇંદ્રપુરીમાં થતી ધામધુંમ અને અહલ્યાનું ધ્રુવ સાથ પરણવું અરસ પરસ

પ્યાર બનાવવો અહલ્યાને ધ્રુવની સાથે વિદાય કરવી તથા સખીઓની શીખામણ ધ્રુવતથા અહલ્યાને નારદ મુનિને સ્વાધિન કરવું એ વચમાં ગંગાભટાણી અને ગડબડભટનો ફારસ, ગડબડભટ અને ગંગાભટાણીનું ચાલ્યા જવું એટલા વખતમા ધ્રુવ અને અહલ્યાનું નારદમુનિ સાથે આવવું નારદમુનિ ઉત્તાનપાદ રાજાને ખબર કરેછે એ દરમ્યાન અહલ્યાના લગ્ન ધ્રુવ સાથે થયાં તેની ખુસાલીરૂપ જાવેશે નારદમુનિ અહલ્યા અને ધ્રુવને લઇને રાજકચેરીમાં જાય છે ધ્રુવને એનાપિતા પોસે જઇ અપરમાને સૌથી પહેલા નમસ્કાર કરવા. ઉત્તમ તથા બુદ્ધિસાગર તથા પ્રિય માતા નેત્રવતી એ સર્વનો મેળાપ ધ્રુવને રાજયાભિષેક કરવો.

ખેલ સમાપ્ત

ॐ तत् सत् परमात्मने नमः॥

ધ્રુવ નાટકના ગાયનો.

સુત્રધાર—

જય શિવ શિવ શંભુ ગિરજાપતિ,
ત્રીશુળ ધારી; છોભીડ હારી;
ગંગ જટા ધારી, વિભુ વિષહારી;
સાગ, સાગ, મપ, મપ, મપ, નીસા.
જગ પાળક દુખ ટાળક;
શિવ શિવ સ્મરીએ, આપો સન્મતિ; જય શિવ શિવ—ટેક.
ત્રાતા સાધક, એ ગુણ લાયક,
છો સુખ દાયક, વિઘ્ન વિદારક,
ભષ્મ ધારક, દુષ્ટ મારક
ગહન ગતિ તારી, નમીએ વારી વારી.
નવીન કૃતી સારી, ત્રીલોચન,
શિષ, ચંદ્ર બિરાજે, કંઠે રૂંઢમાળા શોભતી ૨

નટી—

ખરે નૃપ ઉપજ્યો અખંડ અનુપ
નહીં કોઇ પેખ્યો એવોરે ભુપ

સાખી

ટેક ધરી મનમાં ખરી કરી ભકિત ધરી ધ્યાન,
એવા પુરૂસોને ધન્ય છે. જન્મ્યા એજ પ્રમાણ—ખરે.
રખડી રઝળી વન વિશે, રાખ્યો દ્રઢ વિશ્વાસ.
પ્રભુ મળ્યા છ માસમાં, કીધો પોતાનો દાસ.

સુત્રધાર—
૩

ભિષ્માવતી નગરીનો, ઉત્તાનપાદ રાજા હતો એક.
તેના પુત્ર ધ્રુવને, શ્રી હરીએ કીધો રાજ્યાભિષેક.

ધ્રુવ—
૪

ઝટ જાવું મિત્રને મળવા ન્યારી, સારી, સુખકારી, ગમ્મત પ્યારી,
થશે તહીં થોભવું નહીં જાવું તહીં ખુશી થઇ, થઇ, થઇ,—ટેક.
મન ધરી, મળુ હશી, જઇ પ્યારા મિત્રને મનમાં વ્યાપેલી,
ળાવા, મુજને, આતુરી કયારની— ઝટ

૫

બુધ્ધિ સાગર—
હાંરે કેવી રમવાની જગ્યા છે સારી, છે સારી છે સારી.
સારી પ્યારી, સુખ કારીરે ટેક
માલતી, કેતકી, સેવતી, મંદ વાયુથી આનંદ દેતી,
કેવાં પુષ્પ રહ્યાં છે, બેકી, પ્રફુલ્લિત આ, શું શોભા,
થાય આનંદ ઉરમાં ભારીરે, ૨

૬

મિત્ર આવો ગુણવાન, હમણાં યાદ કીધાતા તમને
શ્રમ લઇ આવ્યા આમ પુર્ણ પ્રિતી છે પ્રમાણ ટેક

ધ્રુવ—
ઉત્તમ પ્રિત રાખો છો મુજથી, એ કદી ન વિસરાયે.
પૃથ્વી ચળે, મિત્રાઇ ટળે નહિ, આપુ કોલ નિર્વાણ.

ધ્રુવ
૭

મિત્ર જુવોની બાગની અંદર, શોભા બની રહી સુખકારી.
ગુલાબ, મોગરો, માલતી, પારિજાતક પુષ્પ અપાર
ચંપો, ચંબેલી, કેતકી, જાસુદ આ નિરધાર
આ વૃક્ષવેલી, કેવી ખીલેલી, ફરી વળેલી, એક એકથી ન્યારી ન્યારી —ટેક

બુદ્ધિસાગર—

અગર ચંદન આંબો વળી, દ્રાક્ષ લીંબુની હાર
બદામ કદળી સ્થંભ આ, શેતુંરી નિરધાર.
શોભીત કેવી, જોવા જેવી, વાટીકા મન હરછે સારી

નેત્રવતી— ૮

દુખ કયારે આ જશે, સુખ કયારેરે થશે,
નિર્ભાગી હું અબળાનાર, છું લાચાર, ખરે નિરધાર,
શિ વિપત્ત પડે આ, નિશદિન રદય પ્રજાલે આ.
સ્તુતિ મારી, પ્રભુ લ્યો ઉરધારી, સુખ શાંતિ કયારે થશે,
—ટેક.

દાસી કાન્તા— ૯

બાઇ શાણી કેમ આમ ગભરાવ, સત્ય ધારી રહો છો પ્યારી.
દિલ વિચારી, બાઇ મારી કેમ આમ ગભરાવો,
સીતા, અહલ્યા દ્રૌપદી, સતી જે કલંક મિથ્યા,
દુખ અતિશે સુખકારી, જુવો વિચારી, ભુલે કેમ ઇશ ભક્તિ પ્યારી.

નેત્રવતી ૧૦

ધ્રુવ આવ્યો નહીં કેમ પ્રિય દાસી,
રમત રમવાને, ઘણો અભિલાષી,
તપાસ ઝટ કર, એની તું જઇને,
ફીકર હવે મુજ મનમાં પ્રકાશી.
એમાં તે મોટી ભુલ કરી છે, રમવા જવા દેવો નહીં
દાસી—ટેક

દાસી—

હાં હાં જાઊં પ્રિય મુજ બાઈ, આપ આજ્ઞાથી જઈ શોધી લાવું.
માફ કરો તકસીર સહુ; ૨

ધ્રુવ— ૧૧

માતા શા માટે દીલગીર થાઓરે

એ કૃપા કરી મુજને જણાવો માતા.
નિર વિના વૃક્ષ સુકાયે, એમ મુજ દ્રષ્ટે દેખાય
મનોવૃત્તિ, મંદ સ્થિતી, નિસ્તેજ કેમ આજે, ૧
મને સુખ શાંતિ આપો, આપ દુઃખમાં દિન કાપો
એતો નહીં લાજમ, મને કહો માતા પ્યારી ૨

ધ્રુવ— ૧૨

એમાં શું દીલગીર રહો રે, માતાજી પ્યારા, એમાં શું દિલ-
ગીર રહો રે.

શોક ફોગટ કરોછો નકામ—ટેક

નેત્રવતી—

કેવાં દિલ નિર્દયના થયા તુજ પીતા આવાર.
અળગા કીધાં આપને, તેથી દુઃખ અપાર..

ધ્રુવ—

ફીકર પરહરોરે—માતાજી
અધર્મિ સર્વથી સર્વમાં હશું આપણે માત,
તેથી આમ વેઠવું પડે, કંઈ પૂર્વ જન્મનાં પાપ.

નેત્રવતી—

ખરૂં કહેવું છે તારૂંરે, માતાજી
અરે પુત્ર તેં જન્મ લઈ, સુખ નહીં જોયું લગાર,
ખરેખરી દીલગીર છું, નિભાગી નિરધાર

ધ્રુવ સુખ ઘણું છે મનેરે, માતાજી
તન ઉછેર્યું માહેરૂં, કીધો બહુ ઉપકાર
ભુલાય નહીં એ મુજથી મહાન એ આભાર
પરવા નથી પિતાનીરે. માતાજી

ધ્રુવ ૧૩

ચાલ ઝટ જાવુ મુજ પિતા પાંસે
એમ જાણ્યું કે કચેરી ભરાસે. ચાલો ઝટ

કચેરીનો જોવા ઠાઠ માટે વહેલો જાઉં આજ
પ્રાણુ પ્યારો ઉત્તમ ભ્રાત
બેઠો હશે પિતા પાસ
સાંભળું જઇ ન્યાય કાજ થાશે   ચાલ

દરબારી—   ૧૪

નાદરદર દીમ તનન દીમ દીમ તનનન
અહોનિશ ગાઓ બજાવો તદરદાની. સનનનનનનન (૨)
રાગ રંગકી ધુન મીલાઓ, તાન માન નીજ સુરસંગ ગાઓ
સબ સેવકપર રહેમ નજર કર, રણધીર, શુરવીર,
કીર્તિવંત મહારાજા, ઊત્તાનપાદ તુંહી પ્રૌઢ પ્રતાપી
કાયમ રહો શિર તાજ રાજ, ધિત્તા, ધીટનક, ધા ધા ધા
તીનકીટ, ધુનકીટ, ધા ધા ધા.—નાદરદર

૧૫

ઉત્તાનપાદ—

સચીવ કહો રાજ્યતણું રે વૃતાંત
પ્રજા કેવી સ્થિતિમાં, તે સુણવાની ખાંત   સચીવ.
ખરે હુન્નરશાળામાં વિધાર્થિ,
શીખે તે શું વીદ્યા કહો સર્વેથી   ૨
કળા કૌશલ્યતા અને શિલ્પ કામ
નવીન કેવાં હુન્નરો, થાય તે તમામ   ૩

સચીવ—   ૧૬

રાજેંદ્ર આપને કહું, પ્રિતે શ્રવણુ કરો.
રંક સેવકની, આપ વિનંતી, ઉરમાં ધરો,—ટેક.
સુખ શાંતિમાં પ્રજા રહે છે આપની,
પ્રિતીથી, નિતીથી રીતીથી, શુભ મતિથી,
સુખ સ્થાપ્યાં, દુખ કાપ્યાં, ફીકર પરહરો.

બારોટ. ૧૭

ધન્ય ધન્ય ઉતાનપાદ ધન્ય તેરો સુખ સાજ,
ધન્ય તેરે ન્યાય કાજ, ઇંદ્રસે અધિક હે.
કહે કવી ચંદ્રસિંહ, સુણો રાજા ઉત્તાનપાદ
સબ ક્ષત્રી માન છોડે એસો સુરવીર હય,

૧૮

રાવણ ગર્વિષ્ટ હોકે, સિતા કો હરણ કીનો.
અસંખ્ય કપીલેકે લંકા રામ લચ્છમન આયો હય,
રાવણ કું પ્રલેય કીનો, વિભિક્ષણકું રાજ્ય દીનો,
એસે દસરથ સુત, દુખ ભકતકો નિવાર્યો હય,
સિતાકુ લીએ સાથ, અયોધ્યામેં આયો નાથ.
આનંદ ઉત્સવ ઘરઘર, છવાયો હય,
કહે કવી ચંદ્રસિંહ, સુનો રાજા ઉત્તાનપાદ
રામ જેસો રાજ્ય તેરો, જગમેં ગવાયો હયે.

૧૯

ધ્રુવ—ત્યાં નહીં આવુ રે, મુજ માત અપરમાં પાંસે. —ટે૦
ઊત્તમ—ચાલને ત્યાં શુ છે બીક.
ધ્રુવ—નહીં મને લાગે ઠીક.
ઉત્તમ—કેમ હઠ છોડે નહીં.
ધ્રુવ—નહીં નહીં આવું તહીં.
ઉત્તમ— કેમ કહ્યું માને નહીં.
ધ્રુવ—વાગ્મુને ઘણી થઇ
ઉત્તમ—વધુ વાર રોકું નહીં.
સત્વર જઇએ તહીં.
ધ્રુવ—ચાલો ત્યારે આવું ભ્રાંત
ઉ-તમ—ફીકર તું નહીં કર, નિર્ભય દિલ રહે.
ધ્રુવ—હા ઝટ ચાલેરે

અપરમા— ૨૦

તું જા દુર કયાંથી અહીં આવ્યોરે
છિ શરમ, શરમ, શરમ
આવ્યો સ્થળમાં શું મુખ લઇને, નિર્ભાગી બાળ —ટેક
ઉછંગે બેસવા કચેરીમાં આવ્યો
માન ભંગ થઇને શું ફાવ્યો
ઉત્તમ શા માટે અહીં લાવ્યો
પાપ પૂર્વ જન્મના તારે
પ્રભુ સ્મરવા વનમાં જારે.
રાજ ઇચ્છીત સુખ મળશે ત્યારે, તું જા

ધ્રુવ— ૨૧

ઝટ જાવું આપ કહેવાથી વનનીમાંય,
વચન શુણીને મારૂં કાળજું ભેદાય;
પિતાએ અમને, અલગા કીધાથી સુણીએ તારાં વચન
વનમાં જઇને તપ માંડીશું, પ્રભુ થશે પ્રસન્ન
કામ સિધ્ધ કરી આવીશું આ ભુવન માંય

ધ્રુવ— ૨૨

થયો ગજબ અરે, વાગ્યો હ્રદયે ધાકારી
અસંખ્ય વાકય વદી, નિર્લજ બની અપરમાં મારી;
અરે ધિક ધિક, નહિ ઠીક છોડુ મુજ નગરી પ્યારી —ટેક
જઇશ હું વન કરશે રૂદન, પ્રાણુ તજશે બિચારી;
દુઃખનો ભાર, બહુ અપાર. જે માતા મારી,—૧

ધ્રુવ— ૨૩

પ્રિતે ગયો માતા મારી, સભાવિષે પ્રિતે ગયો માતા મારી
ઉત્તમ બેઠો ઊછંગે પિતાને, હું ત્યાં ગયો હર્ષ ધારી-ટેક
અપરમા મેહેલે ગયો ઉત્તમ સાથે, વદી વચન મુખે હીચ
કારી—ટેક

નેત્રવતી— ૨૪

પુત્ર મારા સુલક્ષણા, નહિ જાવા દઉં વનજી
ઘેર બેઠા સુખ ભોગવો, રાખી મન સ્થિરજી
• માનો વચન પુત્ર માહેરા

ધ્રુવ—

ઘેર બેઠી હરિ નહી મળે, નહિ થાય પૂરી આશજી
વનમાં જઈ તપ માંડીશું, કૃપા કરશે અવિનાશજી—ટેક
આજ્ઞા આપો માતા મુજને

નેત્રવતી—

તુજ વિના સુનું થઇ જશે, મારા લાડકા બાળજી
તોળા વછુટી જેમ મૃગલી, તેમ થશે મારા હાલજી
માનો વચન પુત્ર માહેરા

ધ્રુવ—

શોક તમારો જોઇને, આથી દુઃખ મને થાયજી
લખ્યા લેખ લલાટમા, એ મિથ્યા ન થાયજી
આજ્ઞા આપો માતા મુજને—ટેક

નેત્રવતી—

ધીક પ્રભાવતી તુજને, ધિક ધિક તારી જાતજી
દયા આવી તારા મન વિષે, કીધો પુત્રને નિરાશજી—ટેક

ધ્રુવ—

વચન સુણી પ્રભાવતી તણા, લાગે અંગમાં લાયજી
વજ્ર પણ ફાટી મરે, વચન એવાં નહિ શુણાયજી—ટેક

૨૫

નેત્રવતી—

હામ નહિ છોડીશ બેટા, કરજે શુભ કામ
વન જઈ આવી કુંવર, કુલ દીપાવજો
જઈ ભજો શ્રી ભગવાન —ટેક
જા પુત્ર આશિષ છે મારી, પ્રસન્ન થશે ઘનશ્યામ—ટે

ઋદ્ધીસાગર — ૨૬

મિત્ર મારા પ્રાણથી પ્યારા ક્યાં જવુંછે તમને આજ
કૃપા કરીને આ રંક સેવકને સર્વ હકીકત કહો મહારાજ.
શોક સમયમાં આપ દીસોછો સું આવીછે આફત આજ
આભુષણ અંગે નથી ધર્યા કોણે દુભાવ્યા તમને આજ
ઝટ હમને કહો એ વાતરે તમે
બોલતા નથી તમારૂ ચિત્ત ક્યાં ભમે
પ્યારા મિત્રનો અપરાધ સો કર્યો
મુંજને મુકીને મિત્ર ક્યાં પરહરે.
કહો આવાર શું વિચાર ક્યાં જાવુ નગ્રની બહાર
ચલોની, ચાલોની, ચાલોની. ચાલોની, ચાલોના.
ભુપને મહારાજ મિત્ર ટેક

ધ્રુવ— ૨૭

મિત્ર કહું શુ આ વાર, દુઃખ આવી પડયું અપાર
અપરમાએ કઠણ વચન કહ્યા આજ
નહીં નહીં સહેવાય મારી લીધી લાજ
અરર હાય, મન મુઝાય, નર હું આ ઠાર મિત્ર.
યાંથી વેગે ચાલ્યો જાની મન
દુરથા અભાગણીના તન
તેથી જાવું વનની માંહે ભજવા શ્રી મોરાર મિત્ર

નારદ— ૨૮

વિકટ વન ભયનક ભરેલુ, નહી આવે મનુષ્ય આ સ્થળ માંહી.
અતીશે આશ્રય ઉપજે ઉરણે, ધન એ બાળે હીંમત ધારી.
સુવર્ણ શશિ સમ, મુખ પ્રકાશે, જોઇ ચકીત થઇ ચિન્ત વૃતી મારી.
મનહર, સુખકર, છબી પ્રીય સુંદર, છે જગ કર્તાની કૃતીન્યારી

નારદ ૨૯

ક્યાંથી અંહી આવીયો, સું છે તારૂં નામ,

માત વળી પિતા કોણ, નગરી કહે નિરવાણ,   ક્યાંથી
સંકટ તુજપર આવી પડ્યું, વળી નાની વયમાં આમ
સાંભળવા ઇચ્છીત હું છું કહે સર્વ વૃતાંત.   ક્યાંથી
છલ બલ કપટ કરી તને લાવ્યો કોણ અરે
મન વિષે નિર્ભય રહી સત્ય કહે ખરે   ક્યાંથી

૩૦

ધ્રુવ

કર્મની ગતિ શું કહું આપને સુણો હિતકારી મુનીજી
સુણો હિતકારી ઇચ્છીત આપ વૃતાંત સાંભળવા કહું પ્રિત ધારી
જન્મ ભુમિકા બિષ્માવતી નગરી પ્રજા સુખકારી
મુનીજી, પ્રજા સુખકારી
પતીવ્રતા મારી એ માતા પ્રભાવતી નેત્રવતી પ્યારી
ઊત્તાનપાદ નામે મુજ પિતા શુભ લક્ષણ સ્થિતી સારી
મુનીજી, સુભ લક્ષણ સ્થિતી સારી
વધુ હેત પ્રભાવતી ઉપર એ અપર માત મારી મુનીજી
અપર માત મારી

૩૧

ઉત્તાનપાદ

ક્યાં હું જોઉં દીધું સંકટ આવી નડ્યું નહિ સુઝે કાંયરે
પ્રથમ ભુલ મારી થઇ મેં જરા વિચાર્યું નહિ;
મતિ મુજ અંજાઇ ગઇ હવે કરૂં પશ્ચાતાપરે રે ટેક
વિકટ વનમાં કંપે તન નક્કી પ્રાણ થશે દહન
વિચીત્ર પશુના સુર સહન કરશે કેમ બાળરે રે ટેક
મત્સૂર આ રાજપાટ મેલી બતું એના દુઃખનો બેલી
ક્યાં ગયો એ મુજને મેલી થયો નિરાધારરે ટેક

૩૨

ઉ-તાનપાદ

પ્રાણુથી પ્રિય પુત્ર પ્યારા મારારે હો ધ્રુવ મારા
હાં પ્રભુ ઓ વિભુ નેનનાના તારા ગયો છોડી શાણારે ટેક

સાખી.

તારી ગતિ ત્યાં શું હશે હે મમ પુત્ર સુજાણ
ખબર નહિ તુજ તણી કયાં હશે ગુણવાન
આ રાજ્ય મારૂં ન લાગે સારૂં રે વિપત્ત પડી
શિર મારા, અરે હાં પ્રભુ ઓ વિભુ નેનના તારા ગયો છો
ડી શાણારે પ્રાણથી ટેક

સાખી

ધિક પ્રભાવતી તુજને શું કહું આવાર
નિર્દય અબળા જાણતે તો નહિ જોડતે પ્યાર
પુત્રને ત્યાગી થયો વેરાગી જશે હવે કેમ દિન મારા
અરે હાં પ્રભુ ઓ વિભુ નેન તારા ગયો છોડી શા
ણારે પ્રાણથી ટેક

૩૩

નારદ

જય જય જય જગપતી જક્ત આ
રચ્યું અનોપમ સારૂ જય જય ટેક
રહ્યા અધર અધર રવિ શશિ ગંગ સમુદ્ર સુખકારી
સપ્ત દ્વીપ નવ ખંડ પૃથ્વીમાં કળાય નહિ તવ મતિ ન્યારી
ટેક

ચેતન શક્તિ જડવિષે પણ જણા યછે તારી વ્યાપી
નિરાકાર નરસિંહ નમો-તમ અદભુત કૃતી દીસે આ શી
જય જય ટેક

ધ્રુવ ૩૪

સુંદર શોભા વનની શી બની શી બની

વૃક્ષની ઘટા કેવી શોભે આ વા આ
મધુર સ્વરરે પક્ષી કેવાં કરે છે કલ્લોલ
ચિત્ત હરખાઓ મન પ્રફુલ્લાઓ વાયુ મંદથી આનંદ
અનુપ ઇશ તુજ કૃતિ, બહુ જગ છતી વાહગતિ
ધન્ય ધન્ય સુદીર શોભા ટેક

સુત્ર ૩૫

જગ કર્તા દુઃખ હરતા ભક્ત હૃદય ભરતા પ્રભુ પ્યારા
આવ્યો આપ આધારે કૃપા કરી પ્રભુ સાહ્ય થશો મારા

છંદ તથા દેવો

તાનોગ તાન, દીરના તદરે દાની
તુમદર દર દર નાદરદાની દ્રેના દાની
આસા નીધનીસા સારે નીધપ મગરેસા
શુચી નર મુનિ બ્રમાદિ દેવસબ ટેક
બીનતી કરતે નિસદીન પલછીન
સારે સારેગ રેગ રેગમ ગમ ગમપ મપ મપધપધ
પધની ધની ધનીસા તાનોમ
સાની ધપ મગરે સા

છંદ ૩૬

રે ભય ભીત થાવું આવારે
સાંખ્યુ યુકત ચિત્ત ચકીત થયું તે શી રીતે સમજાવુ—ટેક
કોણ પુર્ણ અવનિપર પ્રગટયો, સ્વર્ગ ડોલાયમાન થયું
અતિ ઉગ્રજ તપ પ્રબળ થકીશું સ્વર્ગ લેશે
અરે હાય ઇસ માહરૂં—ટેક

છંદ ૩૭

જલદી જાઓ ઝટ ઝટ જઇને તેને છળી લાવોરી
કામ સુધરવાં ફીકર પરહરવાં સત્વર તત્પર થઇને
મોહપાસ નાખો ખાસ તો સાબાસ તમેરી જલદી

આપ્સરા—

છળ્યા ઋષિ મુનીઓ તમામ, એનાં નથી મે કું કામ.
આજ્ઞા પાળવા જાએ આપની, નિર્ભય રહો મહાર જે,
કરીએ કામ, ધરીએ હામ, નહી ડર ધરીએરી—ટેક
સૌ સાહેલી ઉલ છબીલી બની અલબેલી જાએ ત્યાં
ચાલો સખી સૌ પ્યારી બની ઠની સહુ નારી
મનમાં બહુ હર્ષ ધારી કરશું કળા ન્યારી ન્યારી
ખરી તક મળી સારી સુલક્ષણી સખી પ્યારી
મળશે ઇનામ ભારી હા હા સખી એ વીચારી
ચાલો વહેલી છેલ છબીલી છો રંગેલી જાઓ

ધુન— ૩૮

નિશ દિન નમુ પ્રભુ તુજને કૃપા દ્રષ્ટી કરજે મુજને
ધરૂ ધ્યાન દયાવાન.
આપ સાથે પ્રીતી મારી લાગી રહી સારી નિશ ટેક
મા । પિતા સહુ સુખના સાથી અંતસાથી કીરતાર તુંહી
કૃપા કરો પ્રભુ નહી તરશાવો નિશદિન ટેક
નિરાધાર હું છું ગિરધારી ધારી ધારી
તવ શરણ ચરણ સ્મરણપર વારી
વાહ ગતિ જગ છતી શુભ મતિ તમ અતિ
મુજ મતિ મુઢ અતિ જય જય વિશ્વપતિ નિશદિન

આપ્સરા— ૩૯

ઉઠો પ્રાણથી પ્યારા યોગી રાજરે
ચુંબન કરી કાંત કરો શાંત શાંત
છો વિલાસી પ્યારા;
પધારો મેહેલે મારા;
છે રૂપે રહિયાળ;
કૃપા કરો, યોગી પ્રાણનાથ, ઉઠો
શાને વન રહો નકામા કષ્ટ સહો, પ્રીતેથી હાથ ગ્રહો

કૃપા કરો યોગી પ્રાણ નાથ—ઉઠો પ્રાણુથી
જોબન કળીઓ તમ માટે ખીલી રહી છે ખાતી
શાણા યોગેશ્વર ભોગવો તો મળે નાર એવી
સુંદર સુખપાળ સુવા, આપુ સ્વામી કરીએ સેવા.
પ્રાસો મિષ્ટ મેવા કૃપા કરો યોગી પ્રાણનાથ ઉઠો

સ્રુા— ૪૦

દુર દુર વિચાર, અવાર, દીલમાં તું ધાર
નૃત્ય કરી દુષ્ટ કરવા આવી ભ્રષ્ટ
તમ તણું વ્રત છુટે નહિ હટ
થશે ખુવાર નહિ લે સાર, કહું આ હાર
મન વિચાર દુર દુર—ટેક

ધર્મતજી કુકર્મ કરવા આવી નાર હટ
શ્રાપે દઈ બાળી નાખીશ ધરણી ધ્રુજશે ત્રત
ઠગારી, ધુતારી, ધીકનારી, અવિચારી—દુર દુર ટેક

લક્ષ્મીજી— ૪

જાગો પ્યાગ સ્વામીજી શ્રી મહારાજ
કમળ નયન ઘનશ્યામ પ્રભુજી જાગો ટેક.
જળ પત્ર ફળ સૌ મંદ મંદ રોસે
ઊઠો કૃપાળુ અલબેલા મહારાજ
દાદુર મોર પપૈયા બોલે કમળપર ગુંજે ભમરીયા રાજ
—જાગો

વહે ગંગ નિર સૌ નિર્મળ
પ્રભુ નિશા મટી ને થયો રે પ્રભાત
દમ્પતિ સ્વામીની સેવા બજાવે
સુણો વિનતિ જગનારે તાત—

૪૨

ઇન્દ્ર તથા મુનિઓ—
વિશ્વનાથ દયાળુ વિશ્વંભર

સાહાય આપ વિના કરે કોણ અમપર
મધુવંન વિષે કોઇ તન, તપ કરે છે નિરધાર
તેના તપના બળથી સ્વર્ગ ડોલે મારૂ ફીરતાર—વિશ્વનાથ
સુખ કરો પ્રભુ દુઃખ હરો વિભુ કૃપા કરો આધાર
મતિ મુંઝાય હે જગરાય કરો સહાય જગરાય —વિશ્વનાથ

ધ્રુવ
43

કૃપા કરી મુજપર આવ્યા મોરારી
તન મન ધન સૌ વારી વારી. વારી.

કૃષ્ણ તથા દેવો—
સહાય સહાય

ધ્રુવ—
નિર્ભાગી હું બાળ તમારો, કર્યો આભાર ભારી
આનંદ, આનંદકારી.
ગતિ તારી ન્યારી ન્યારી, સહાય તારી સુખ કારી.
જય કર, નરવર, દુઃખ હર, ગિરધર, ગરીબ પરવર
જગ ધર, વીજય કર—કૃપા કરી

44

અહલ્યા તથા તેની સખીઓ—
સખી. શોભિત સુંદર શરદ ઋતુ સોહામણીરે
તેમાં વૃદ્ધિ કરતો પૂરણીનો ચંદ્ર
પ્રીતે રમીએ સંગે, શાણી સહચર આ સમેરે—
સખી ચંદન ચુડી બાજુબંધ હસ્તે ધર્યા રે
જડયા માંહે રત્નમણિના નંગ. પ્રીતે રમીએ

સાખી

હળી મળી સંગે સૌ હેતે દઇએ તાળી
પરિધાન વસ્ત્રો કર્યાં સુંદિર ઝાક ઝમાળી
સખી કંચુકીમાં અમુલ્ય મોતી ભર્યાં રે
માંહે કર્યું કારીગિરીનુ, વિધ, વિધ કામ પ્રીતે

સાખી

નખ શીખથી સખી સૌ સજ્યાં સોળ શણુગાર
પ્રીતમ મળવા પ્રેમશું સખી ઉરમાં હર્ષ અપાર
સખી નવલખીનો કંઠે સુંદિર હાર છે રે
ચંદ્રમા પ્રકાશે છે ચોપાસ—પ્રીતિ રમીએ

સાખી

કસ્તુરી ચંદન કેશર તણી, કરી અર્ચના ભાળ
દામની, દમકે બહુ શિર વેણી ચાક વિશાળ
સખી, અનવટ, વીછુવા પાયે ઝાંઝર શોભતા રે
ખગ પક્ષીઓ કલરવ કરે અપાર—પ્રીતે રમીએ

સાખી

સુણી કથા સુખ દેવની પ્રસન્ન થઇ બહુ બેન
સાર ગૃહી સુલક્ષણી પતિવ્રત વિષે બહુ પ્રેમ—
સખીઓ

૪૫

સખી લાવો (૩) હર્ષ અપાર રે
અહલ્યા પરણે ધ્રુવ ભરથાર રે—સખી લાવો
અમુલ્ય મોતીના ચોક પુરાવો
ફરી વખત આવે ન આવો
આવો, ગાવો, લો લાવો રે—અહલ્યા

૪૬

અહલ્યા—પ્યારા પતિ હું દાસી તમારી
ધ્રુવ—પ્રાણથી અધિક તું મારી પ્યારી
અહલ્યા જોડી મળી સ્વામી આપની સારી
ધ્રુવ—કૃપા કરી મુજપર મોરારી
અહલ્યા—તમ પર વારી
ધ્રુવ—વાહ પ્યારી પ્યારી
અહલ્યા—થઇ સુખકારી
ધ્રુવ—છે બલીહારી

અહલ્યા—ઇશકૃતિ
ધ્રુવ—અકળ ગતિ
અહલ્યા—કરી છતી
ધ્રુવ—ગઇ વીપત્તિ
ધ્રુવ, અહલ્યા—જયકારી, ગિરધારી, મોરારી, સાહેકારી
સુખ કારી—છો પ્રભુ આપ

સખીઓ— ૪૭

પ્રિય સખી જાય છે તું સાસરીએ શાણીરે
એક શીખ પ્યારી સુણજે અમારી કહીએ આ વારી
સત્ય દીલધારી, શાસ્ત્ર નીતિ વિચારી શાણીરે
પતિ, સેવા સખી સદગુણી કરવી સદાએ પ્યારી
એજ ઉત્તમ આપણે, પતિવ્રતનો ધર્મ ધારી
આશિષ તુજને અમારી સર્વદા કલ્યાણકારી
જોડી મળી વાહ ચંદ્રચકોરસમ, વધી કીર્તિ સારી
થઇ આનંદકારી શાણીરે ટેક
પ્રીતમપર પ્યારી શુધ્ધ પ્રીતિ સારી
રાખજે અપારી એજ શીખ હમારી
પ્રિય અહલ્યા છો તુ પ્યારી શાણીરે

ગડબડ ભટ ૪૮

ભટજી મનના સુખત્યાર
ભટાણીપર હુકમ ચલાવીએ

ગંગા ભટાણી—મુઆ મુખ તારૂં બાળ
ગડબડ ભટ—વાહ, વાહ, વાહ

ગગા ભટાણી—મને જોઇ આવે કાગ

ભટ—વાહ, વાહ, વાહ.

ભટાણી—મુઆ નથી તારૂં કામ મારૂં નહિ દેવું નામ

ભટ—આ માટે કમાવીને લાવીએ

ભટજી મનના મુખત્યાર

ભટાણીપર હુકમ ચલાવીએ

ભટ—પીએ પેટ ભરો ભાંગ પછી જમવાનું કામ

લડે ભટાણી તો થપાડ લગાવીએ

ભટ—ભટજી મનના મુખત્યાર ભટાણીપર હુકમ ચ લાવીએ

ભટાણી—મુઆ જોયું તારૂં કામ

ભટ—વાહ, વાહ, વાહ,

ભટાણી—પીઓ, ગાંજો ને. ભાંગ

ભટ—વાહ, વાહ, વાહ

ભટ—રાંડ વધુ કરે વાત, હવે જો મારા હાથ,

મારૂં તને એકલાત, શા માટે તને પરણી

ને લાવીએ ભટજી મનના મુંખત્યાર

૪૯

ધ્રુવ તું રસીલી છબીલી પ્યારી નારીરે

મનહર છબી ભુલાય નહિ તારી

રંગીલી ચતુર ચિત્ત વારીરે તું રસીલી

મુજમન તું રતન મળ્યો મીન જલનો પ્રસંગ

પ્રેમથી નિહાળ આ વાડીરે—તું રસીલી—

કટી, કેશરી, સમ પ્યારી ચંદ્રવદની તું સુખ કારીરે
ગજ સમ ચાલ પ્રિયા તારીરે—તું રસીલી
ગૌર બાળ તુજવદન મનોહર ચતુર ચિત હરનારીરે
ટેક

૫૦

નેત્રવતી—

અરર કુંવર તુજવિના હું થઇ લાચાર
પુત્ર મ્હારા વિયોગ તારા દુખી પ્યારા—
નેનના તારા

સંકલ્પ, વિકલ્પ થાય, ચેન પડે નહિ જરાય
ધ્રુવ— વ્હાલી મા તું તારો પૂર્ણપ્યાર
અરર કુંવર— ટેક
નેત્રવતી— મુજપથ પાળ્યો સગુણ કહાળ્યો
વન જઇ આવ્યો દીલમાં ભાવ્યો
મન પ્રફુલીત થાય બહુ બહુ હરખાય

ધ્રુવ—
વ્હાલી મા તું તારો પૂર્ણ પ્યાર
અરર કુંવર તુંજ વિના—

૫૧

કંચનીઓ—તનનન તોમ તનનનનન, તોમ તોમ
છનનન છોમ છનનનનન
છોમ છોમ

દરબારી—

આજ દિન આનંદકારી, કીર્તિ પ્રસરી
જગ સારી, ટેક ખરી મનમાં ધારી
તન મન ધન સૌ વારો, વારી, વારી
તનનન તોમ—ટેક—
રહો કાયમ સરદારી ધ્રુવ તમારી સારી
પ્રજાપર પ્રીતિ ધારી નીકળો સ્વારી પ્યારી
નિસા ગમ પનીસા રે સા નીધપ મગરે
નીધપ મગરે ની સા—ટેક

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનારાના નામ.

નામ	નકલ
મગનલાલ ગણપતરામ મીડખાવાળા છાપીપાડનાર	૨૫
મીઆ અબદે રજાક	૧૦
હરકીશનદાશ ભીખાભાઈ	૧
જેરામ ગણપતરામ	૧
પાંચપીપળાના મહારાજ શ્રી નારણદાશજી ગુરૂ ગોરધનદાશજી	૧
રામશંકર ગોવિંદરામ	૭
કૃષ્ણરામ જદુરામ માસ્તર	૩
મણીશંકર ઇચ્છારામ માસ્તર	૭
ગોપાળજી કલ્યાણજી માસ્તર	૧
ચુનીલાલ વિઠલદાશ માસ્તર	૧
ચીમનલાલ વિઠલદાશ માસ્તર	૧
મંગળભાઈ ભવાનીશંકર	૨
અંબાશંકર મણીશંકર	૨
કેશવરામ રાજારામ	૧
હીરાલાલ કહાનદાશ જડીયા	૨
ચુનીલાલ ભાટશંકર તપખીરવાળા	૧
સોની બાપુભાઈ પરશોતમ	૨
સોની વિઠલદાશ દુલભરામ	૨
સોની મુળચંદ ભીખાભાઈ	૧

સોની કુબેરદાસ મુળજી	૧
સોની રામાભાઇ	૩
સોની ધીરજરામ રણછોડદાશ	૧
સોની લલ્લુભાઈ દામોદરદાશ	૧
સોની ઇચ્છારામ દામોદરદાશ	૧
સોની જેકીશનદાશ મોતીરામ	૧
પટેલ રતીલાલ હરજીવનદાશ	૧
પટેલ રામાભાઇ પરશોત્તમદાશ	૧
પટેલ હરજીવનદાશ નારણદાશ	૩
પટેલ બાલુભાઇ પરભુદાશ	૧
પટેલ જમનાદાશ કીરપારામ	૧૦
પટેલ કસનદાશ નગીનદાશ દલાલ	૧૦
પટેલ નગીનદાશ ગોવંનદાશ દલાલ	૩
પટેલ હરકીશનદાશ જેઠાભાઇ	૫
પટેલ મગનલાલ જગજીવંનદાશ	૧
પટેલ મુળચંદ પરભુ	૧
પટેલ મગનલાલ જેઠાભાઇ	૨
પટેલ નાથુભાઇ બગાભાઇ દલાલ	૫
પટેલ પેણુંભાઇ બાલુભાઇ	૧
પટેલ નગીનદાશ ગોરધનદાશ	૧
પટેલ આત્મારામ હરકીશનદાશ	૧
ફકીરચંદ નથુભાઇ	૧
પટેલ અંબારામ	૧
પટેલ શીવલાલ લખમીદાશ કીનખાબવાળા	૨
પટેલ ડાહ્યાભાઇ ભગવાનદાશ	૪
પટેલ ભીખાભાઇ ફકીરચંદ	૪
પટેલ નાથુભાઇ હરગોવનદાશ	૧

પટેલ પ્રાણજીવનદાશ નરોતમદાશ	૨
એલીફ ભીખાસિંહ કલ્યાણસિંહ	૧
એલીફ ગોપાળસિંહ રાજારામ	૧
એલીફ ધનસિંહ સરદારસિંહ	૧
એલીફ મણીસિંહ રૂપસિંહ	૧
એલીફ હીમતસિંહ નારણસિંહ	૧
નારણસિંહ કલ્યાણસિંહ રાઇટર હેડ કોન્સટેબલ	૧૦
બીહારીસિંહ કલ્યાણસિંહ	૧
લક્ષ્મણસિંહ કલ્યાણસિંહ	૧
કનકસિંહ અમરસિંહ	૧
હીમતસિંહ અમરસિંહ	૧
રામસિંહ પ્રતાપસિંહ હવાલદાર	૧
હીમતસિંહ દુલભસિંહ	૧
ઠાકોરસિંહ પ્રતાપસિંહ	૧
ગણપતસિંહ ખુશાલસિંહ	૧
નાથુભાઇ ત્રીભોવનદાશ	૧
ખંડુભાઈ માનાજી	૧
મગનભાઇ કીલાભાઇ	૧
પટેલ નાગરદાશ ઉકાભાઇ	૧
પટેલ લાલભાઇ જગાભાઇ	૧
ખુશાલદાશ ફકીરભાઇ	૫
કાશીરામ ત્રીભોવનદાશ	૨
ભુખણદાશ પુંજીઆ	૧
દલપતરામ ધનજીભાઇ	૭
ગીરધરદાશ સુરજરામ	૧
પશુભાઇ વનમાળી ઘંટી	૬
આત્મારામ કેશવરામ	૧

નારણદાશ દયારામ	૧
હરકીશનદાશ ગુલાબદાશ	૧
પરભુદાશ ગંગારામ	૨
નરોતમદાશ ભાઇચંદ	૩
રતનસીંહ અમરસીંહ	૫
ભગવાનદાશ દયારામ	૨
મંછુભાઈ ડાયાભાઇ	૨
ફકીરચંદ લખમીચંદ	૨
પ્રાણજીવનદાશ ભગવાનદાશ	૧
હરકીશનદાશ ભવાનીદાશ	૧
દયારામ નરસાઇદાશ	૧
ભટ્ટ કલ્યાણ	૧
ઇચ્છારામ કેશુર	૧
આતમારામ ભાણાભાઇ	૧
વનમાળીદાશ ગીરધર ડાકટર	૨
દુલ્લભદાશ કુબેરદાશ	૧
નારણદાશ ખુશાલદાશ	૧
કેશવલાલ માણેકચંદ	૨
ગોપાળ દયારામ	૨
હરકીશનદાશ કહાનદાશ ધાણાવાળા	૨
મગનલાલ ત્રીભોવનદાશ	૧
નાથુભાઇ ત્રીભોવનદાશ	૧
વનમાળીદાશ અમથાભાઇ	૧
મુળચંદ ફકીરચંદ	૧

હરકીશનદાશ મોતીરામ	૫
નારણદાશ ફકીરચંદ	૧
કાળીદાશ પ્રાગ	૧
હરકીશન મંછારામ	૧
નાથાભાઈ દયારામ	૧
આતમારામ કસનદાશ	૨
ડાયાભાઈ દયાગામ	૧
મગનલાલ કીકાભાઈ વિકટોરીઆપ્રેસના માલેક	૫
રવીલાલ દુલભદાશ મેનેજર.	૧

જાહેર ખબર.

આ ચોપડી કર્તા પાંસેથી સલાબતપુરા ગોપાળ રતનજીની શેરીમાં રોકડી કીંમતે મળશે, તથા નીચેના ઠેકાણાંઓથી મળશે.

સુરત.

રા૦ રા૦ ચુનીલાલ ભાઇશંકર તજખીરવાળા. ઠા૦ ઝાંપાબજાર

રા૦ રા૦ ફકીરચંદ વિઠલદાસ, ઠા૦ ગોપાળ રતનજીની શેરી

રાગની ગોળીઓ.

ગમે એવો બગડેલો રાગ સુધારનારી ગોળીઓ હમારે ત્યાંથી મળશે.

કીંમત સીસી ૧ના આના ૭.

ઝીણાભાઇ કુંવરસાંહ

ઠા૦ સલાબતપુરા-ગોપાળ રતનજીની શેરીમાં.